ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૪.૦° સે. | ૨૮.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૩૦.૦° સે. |



## ચોમાસું માથે છતાં કસ્બા બેરેજનું કામ અધૂરું રહ્યું

**ડાયવર્ઝન**, બાંધકામ સામગ્રી અને અન્ય અવરોધો પૂરની સ્થિતિ સર્જી શકે છે



નવસારીઃ પુર્ણા નદી પર રૂ. 76.75 કરોડના ખર્ચે બની રહેલો કસ્બા બેરેજ કમ કોઝવે પ્રોજેક્ટ હાલ વિકાસ કરતાં વધુ જોખમ અને પ્રશ્નોના કારણે ચર્ચામાં છે. ચોમાસું માથે આવી પહોંચ્યું છે, પરંતુ પ્રોજેક્ટ સાઇટ પર હજુ પણ અનેક કામગીરી ચાલુ હોવાનું જોવા મળી રહ્યું છે.

દરિયાના ખારા પાણીની ઘૂસણખોરી અટકાવવા અને મીઠા પાણીનો સંગ્રહ વધારવા માટે શરૂ કરાયેલા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને સરકાર અને તંત્ર દ્વારા વિસ્તાર માટે ગેમચેન્જર ગણાવવામાં આવી રહ્યો છે. પરંતુ મેદાન પરની સ્થિતિને લઈને અનેક ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે. નદીના પટમાં હજુ પણ કામચલાઉ ડાયવર્ઝન, બાંધકામ સામગ્રી અને અન્ય અવરોધો હોવાના કારણે પૂર આવે તો પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધ ઊભો થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોમાં ચર્ચા છે કે જો જૂનના અંત સુધીમાં તમામ કામગીરી પૂર્ણ કરવાની યોજના હતી તો હજુ સુધી બાકી કામ કેમ દેખાઈ રહ્યું છે? જળસંચય માટેનો પ્રોજેક્ટ હવે પૂર નિયંત્રણ માટે જ પડકાર બની શકે તેવી સ્થિતિ ઊભી થઈ રહી છે. જો ભારે વરસાદ દરમિયાન ડાયવર્ઝન અને અન્ય અવરોધો સમયસર દૂર નહીં કરવામાં આવે તો પુર્ણા નદીના પાણીનો પ્રવાહ અટકી શકે છે. પરિણામે કસ્બા સહિત આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની અને સ્થાનિકોને મુશ્કેલીનો સામનો કરવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

## ડાંગનાં ભાજપા નેતા હરીશ બચ્છાવ પાર્ટીમાંથી સસ્પેન્ડ

**પક્ષવિરોધી** પ્રવૃત્તિઓ અને ગેરશિસ્તના આક્ષેપોને પગલે કાર્યવાહી

સાપુતારાઃ ડાંગ જિલ્લા ભાજપાનાં પૂર્વ જિલ્લા સભ્ય તથા જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના પૂર્વ અધ્યક્ષ હરીશભાઈ બચ્છાવને પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને ગેરશિસ્તના આક્ષેપોને પગલે ભારતીય જનતા પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવતા ડાંગ જિલ્લાનાં રાજકારણમાં ભારે ચર્ચા અને ગરમાવો જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષની સૂચના અને માર્ગદર્શન હેઠળ ડાંગ જિલ્લા ભાજપા પ્રમુખ કિશોરભાઈ એમ. ગાવીતે હરીશભાઈ બચ્છાવને ભારતીય જનતા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરતો સત્તાવાર આદેશ જાહેર કર્યો છે. આ અંગેનો પત્ર તા. 08 જૂન, 2026ના રોજ જારી કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. હરીશભાઈ બચ્છાવ સતત બે ટર્મ સુધી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ઉપરાંત, જિલ્લા પંચાયતની ખેતીવાડી અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ તરીકે પણ તેમણે જવાબદારી નિભાવી હતી. હાલમાં જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આહવા-2 જિલ્લા પંચાયતની બેઠક પર તેઓનાં પરિવારનાં સભ્ય શ્રદ્ધાબેન તુષારભાઈ ખરેને જંગી મતો સાથે જીત અપાવી પોતાની મજબૂત પકડ બતાવી હતી. રાજકીય વર્તુળોમાં હરીશભાઈ બચ્છાવની આહવા-1, આહવા-2 તેમજ વઘઈ જિલ્લા પંચાયત બેઠકો પર મજબૂત પકડ અને પ્રભાવ માનવામાં આવે છે. આવા પ્રભાવશાળી નેતા સામે પક્ષ દ્વારા લેવામાં આવેલી શિસ્તભંગની કાર્યવાહીથી સ્થાનિક રાજકારણમાં ભાજપામાં જૂથવાદ અને અનેક પ્રકારની અટકળો અને ચર્ચાઓએ જોર પકડ્યું છે.

પર્યાવરણ બચાવવા કરોડોના જાગૃતિ અભિયાન તંત્રના ઉદાસીનતાથી પાણીમાં

## બોકડિયા ખાડીમાં છોડાતું પ્રદૂષિત પાણી, અંબિકા નદીને ગંભીર અસર

**અંબિકા** નદી બચાવો સમિતિની વ્યાપક આંદોલનની ચીમકી



કેરસી બારીયા

બીલીમોરાઃ ગણદેવી શહેરમાં વર્ષોથી ચાલી રહેલી બોકડિયા ખાડીની પ્રદૂષણ સમસ્યા ફરી એકવાર સામે આવી છે. બોકડિયા ખાડી મારફતે ટ્રીટમેન્ટ કર્યા વિના છોડવામાં આવતું દૂષિત પાણી તેમજ પ્લાસ્ટિક કચરાના નિકાલને કારણે અંબિકા નદીના પર્યાવરણ અને જળસંપત્તિ પર ગંભીર અસર થઈ રહી હોવાની ફરિયાદ સાથે 'અંબિકા નદી બચાવો સમિતિ' દ્વારા ગણદેવી નગરપાલિકાના ચીફ ઓફિસરને વિગતવાર આવેદનપત્ર પાઠવ્યો છે.

સમિતિએ જણાવ્યું છે કે આ મુદ્દે અગાઉ પણ અનેક વખત તંત્ર સમક્ષ રજૂઆતો કરવામાં આવી હતી, છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. બોકડિયા ખાડીમાં સતત ભળતું ગંદુ પાણી અને પ્લાસ્ટિક વેસ્ટ નદીના પાણીની ગુણવત્તાને નુકસાન પહોંચાડે છે. જળચર જીવન અને પર્યાવરણ માટે જોખમરૂપ બની રહ્યું છે.

આ રજૂઆતમાં સામરાવાડીના પર્યાવરણપ્રેમી મહેન્દ્રભાઈ નાયક, ડૉ. જયેશભાઈ નાયક અને ડૉ. હરનિશ નાયક સહિતના આગેવાનોએ સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે જણાવ્યું હતું કે અંબિકા નદી માત્ર જળસ્ત્રોત નહીં પરંતુ વિસ્તારની જીવનરેખા છે અને તેના સંરક્ષણ માટે તંત્રએ તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવી જરૂરી છે. સમિતિએ ચેતવણી આપી છે કે જો સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો વધુ વ્યાપક જનઆંદોલન શરૂ કરવામાં આવશે.

## SBM-Uના વિજય પારેખ નવસારી, ગણદેવીની મુલાકાતે

**સ્વચ્છતા** વ્યવસ્થામાં ગુણવત્તા અને પરિણામલક્ષી કામગીરી પર ભાર આપ્યો

નવસારી, બીલીમોરાઃ સ્વચ્છ ભારત મિશન-અર્બન (SBM-U) ના ડેપ્યુટી મિશન ડાયરેક્ટર વિજય પરીખે નવસારીની મુલાકાત લઈ શહેરમાં ચાલી રહેલી સ્વચ્છતા કામગીરીનું મેદાની નિરીક્ષણ કર્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં પહોંચીને તેમણે કચરા વ્યવસ્થાપનથી લઈને ટ્રીટમેન્ટ સુવિધાઓ સુધીની કામગીરીની નજીકથી સમીક્ષા કરી હતી.

મુલાકાત દરમિયાન વિજય પરીખે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) પ્લાન્ટ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીનું નિરીક્ષણ કરી ઉપલબ્ધ સુવિધાઓ, પ્રક્રિયાઓ અને કામગીરીની અસરકારકતાની ચકાસણી કરી હતી. આ પ્રસંગે યોજાયેલી સમીક્ષા બેઠકમાં નવસારી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર જે. યુ. વસાવા, SWM અને MoH ઓફિસર ડૉ. અલ્પેશ પટેલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

વિજય પરીખે ગણદેવી નગરપાલિકાના ચીફ ઓફિસર પ્રાચી દોશી તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપી કામગીરીમાં ગુણવત્તા અને કાર્યક્ષમતા વધારવા સૂચનો કર્યા હતા.

## નળ કનેક્શન કપાતા ઘરમાં પાણી નથી, પણ દારૂ છે !

**તવડીમાં** ફરિયાદી જ બન્યો આરોપી, સરપંચ સામે તાલુકામાં રજૂઆત કરતાં ઝઘડો થતાં પોલીસ આવી ને દારૂ ઝડપાયો

નવસારીઃ જલાલપોરના તવડી ગામમાં ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચામાં રહેલો વિવાદ હવે દારૂબંધી કાયદાના ભંગ સાથે જોડાતા વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

માહિતી અનુસાર, તવડી ગામના હરેશ બાબુભાઈ નાયકાના નિવાસસ્થાનનું પાણીનું નળ કનેક્શન કથિત રીતે કાપી નાંખવામાં આવતા તેમણે આ મામલે તાલુકા પંચાયત કચેરીમાં સરપંચ વિરુદ્ધ લેખિત રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ ગામમાં વાતાવરણ ગરમાયું હતું અને બંને પક્ષો વચ્ચે મતભેદ વધુ ઘેરા બન્યા હતા. આ દરમિયાન ગામના સરપંચ અને કેટલાક સ્થાનિક લોકો હરેશ નાયકાના ઘરે પહોંચ્યા હતા. રજૂઆત અંગે પૂછપરછ દરમિયાન બોલાચાલી થતાં સ્થિતિ તંગ બની હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જોકે, પોલીસની હાજરી દરમિયાન જ મળેલી બાતમીના આધારે હરેશ નાયકાના ઘરની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પોલીસને ઘરેથી અંદાજે 2 લિટર દેશી દારૂ અને આશરે 200 લિટર દારૂ બનાવવાનો વોશ મળી આવ્યો હતો. પોલીસે રૂ. 5,500ના મુદ્દામાલનો કબ્જો લઈ સમગ્ર જથ્થાનો સ્થળ પર જ નાશ કર્યો હતો. ત્યારબાદ હરેશ નાયકા સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ગામના સરપંચ રીનાબેન પટેલે જણાવ્યું હતું કે તાલુકામાં કરવામાં આવેલી રજૂઆત હકીકતોને છુપાવીને કરવામાં આવી હતી. એક તરફ સરપંચ સામે રજૂઆત અને બીજી તરફ ફરિયાદીના ઘરેથી મળેલો દારૂનો જથ્થો. આ બંને મુદ્દાઓએ તવડી ગામના આ પ્રકરણને વધુ ચર્ચાસ્પદ બનાવી દીધું છે.

## 23 તોલા દાગીના લઈ ગીરવે મૂકી 16.41 લાખની લોન લઈ લીધી

**નવસારી** એલસીબી પોલીસે બે મહિલાની ધરપકડ કરી રૂપિયા પાંચ લાખના દાગીના કબજે કર્યા

નવસારીઃ ભરોસાનો ગેરલાભ લઈ 23 તોલા જેટલા સોનાના દાગીનાં હસ્તગત કર્યા બાદ તેને ગીરવે મૂકી 16.41 લાખની રકમ ઉપાડી લેનાર બે મહિલાને નવસારી એલસીબી પોલીસે ઝડપી પાડી છે.

પોલીસ તપાસ મુજબ દાંતેજની રહેવાસી કૃતિબેન ઉર્ફે શશીકાંતભાઈ હળપતિ અને હાલ વિજલપોર ખાતે રહેતી તેમજ મૂળ સુરતની રહેવાસી બંસીબેન ઉર્ફે ધવલભાઈ કુમ્મરે ફરિયાદી જનકકુમાર બારોટ સાથેના પરિચયનો લાભ ઉઠાવી સુરતમાં ધંધો વિસ્તરાવવાનો અને આર્થિક જરૂરિયાતનું બહાનું આગળ ધરી દાગીના થોડા સમય માટે માંગવામાં આવ્યાં હતાં. દાગીનાં સુરક્ષિત પરત આપી દેવાની ખાતરી અપાતા ફરિયાદીએ વિશ્વાસ રાખી આશરે 23 તોલા સોનાના દાગીના સોંપી દીધા હતા. જોકે બાદમાં દાગીના પરત આપવાના બદલે તેને ગોલ્ડ લોન કંપનીમાં ગીરવે મૂકી દેવામાં આવ્યાં હતાં. તપાસમાં દાગીના ગીરવે મૂકી વધુ ચોંકાવનારી વિગતો સામે આવી છે. દાગીના સામે પ્રથમ લોન લીધા બાદ ટોપ-અપ લોન પણ મેળવવામાં આવી હતી અને આ રીતે કુલ 16.41 લાખથી વધુની રકમ ઉપાડી લેવામાં આવી હતી. લાંબા સમય સુધી દાગીના પરત ન મળતાં ફરિયાદીને શંકા જતાં સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. એલસીબીની ટીમે અંદાજે 5 લાખની કિંમતનો સોનાનો સેટ અને બુટ્ટીની જોડી કબજે કરી છે. હાલ પોલીસે મુદ્દામાલ જપ્ત કરી સંભવિત સંડોવણીઓ અને સમગ્ર કૌભાંડના વ્યાપ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## તવડીમાં રેતીની ટ્રકો રોકી રસ્તા પર ગ્રામજનોનો બળવો

**મિરઝાપુર** ગ્રામ પંચાયતની ભૂમિકા અને ખનન મંજૂરીઓ અંગે ઊઠ્યા સવાલો



નવસારીઃ જલાલપોર તાલુકાના તવડી ગામમાં ગેરકાયદે રેતી ખનન અને ભારે વાહનોની અવરજવરને લઈને રેતી ભરેલા ટ્રકોને ગ્રામજનોએ અટકાવી વિરોધ નોંધાવ્યો હતો

ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લા એક વર્ષથી તવડી ગામની મંડળીની જમીન નજીક મોટા પાયે રેતી ખનનની પ્રવૃત્તિ ચાલી રહી છે. રોજિંદા ભારે ટ્રકોની અવરજવરના કારણે ગામના આંતરિક રસ્તાઓ ખાડાઓમાં ફેરવાઈ ગયા છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે લાખો રૂપિયાનો ખનિજ ગામમાંથી બહાર જાય છે, પરંતુ તેના બદલામાં ગામને માત્ર ધૂળ, પ્રદૂષણ અને તૂટેલા રસ્તાઓ જ મળ્યા છે. વિરોધ દરમિયાન ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે જ્યાં સુધી ગામના રસ્તાઓનું સમારકામ કરીને ડામર રોડ બનાવવામાં નહીં આવે ત્યાં સુધી અહીંથી એક પણ રેતી ભરેલી ટ્રક પસાર થવા દેવામાં આવશે નહીં. જો તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો ગ્રામજનો પોતે જ રસ્તા પર અવરોધ ઊભો કરી વાહનવ્યવહાર બંધ કરશે.

વિરોધ દરમિયાન કેટલાક ગંભીર આક્ષેપો પણ સામે આવ્યા હતા. ગ્રામજનોના જણાવ્યા મુજબ રેતી ખનન સાથે સંકળાયેલા લોકોએ આશરે રૂ. 25 લાખની રોયલ્ટી ભરાઈ હોવાનો દાવો કર્યો હતો. જેના કારણે હવે સવાલો ઊઠી રહ્યા છે કે આ રોયલ્ટીની રકમ કયા ખાતામાં જમા થઈ, તેનો લાભ કોને મળ્યો? ગામલોકોએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે સમગ્ર ખનન પ્રક્રિયામાં મિરઝાપુર ગ્રામ પંચાયતની ભૂમિકાની પણ તપાસ થવી જોઈએ.

## ડાંગમાં સરકારી સંમેલનમાં જિ.પં.ના પૂર્વ પ્રમુખના પતિ સ્ટેજ પર ગોઠવાઈ ગયા

**જાણીતા** પર્વતારોહક ભોવાનભાઈ રાઠોડને સામાન્ય લોકોની વચ્ચે બેસવું પડ્યું, પ્રભારી મંત્રીને ફરિયાદ

સાપુતારાઃ ડાંગ દરબાર હોલ ખાતે યોજાયેલા 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' દરમિયાન ડાંગ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ નિર્મળાબેન ગાઈનના પતિ સુભાષભાઈ ગાઈન દ્વારા પ્રોટોકોલનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવતા સ્થાનિક રાજકારણમાં ભારે કચવાટ અને ગણગણાટ શરૂ થયો છે.

આ સરકારી સંમેલનમાં સુભાષભાઈ ગાઈન પાસે હાલમાં કોઈ પણ પ્રકારનો સત્તાવાર સરકારી કે વહીવટી કે પછી ભાજપાનો હોદ્દો ન હોવા છતાં, તેઓ નિયમોને નેવે મૂકીને સીધા સ્ટેજ પર પહોંચી ગયા હતા. એટલું જ નહીં, સ્ટેજ પર માત્ર આમંત્રિત પદાધિકારીઓ અને અધિકારીઓ માટે જ ગોઠવવામાં આવેલી અનામત ખુરશીઓ પૈકીની એક ખુરશી પર તેઓ બિરાજમાન થઈ ગયા હતા. ત્યારે બીજી તરફ દેશનું ગૌરવ અને શાન ગણાતા ડાંગના જાણીતા પર્વતારોહક ભોવાનભાઈ રાઠોડને હોલમાં સામાન્ય લોકોની વચ્ચે નીચે બેસવાનો વારો આવ્યો હતો.

કાર્યક્રમમાં હાજર લોકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. આ સમગ્ર પ્રોટોકોલ ભંગની ઘટનાથી વ્યથિત થઈને પર્વતારોહક ભોવાનભાઈ રાઠોડે તાત્કાલિક ધોરણે આ અંગે ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી જયરામભાઈ ગામીતને રજૂઆત કરીને કડક શબ્દોમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે સત્તાવાર કાર્યક્રમોમાં પ્રોટોકોલના થઈ રહેલા સરેઆમ ભંગ સામે ઉગ્ર નારાજગી વ્યક્ત કરી છે.

## દેગામમાં 13 વર્ષ જૂના મર્ડરના કેસમાં આરોપીને પકડવા પોલીસ ટુરિસ્ટ બની

ઘેજઃ વર્ષ-૨૦૧૨માં નવસારી જિલ્લામાં મચ્છી ઉછેરના વ્યવસાય માટે પશ્ચિમ બંગાળથી મજૂરો આવ્યા હતા. ચીખલી તાલુકાના દેગામ ગામે પંચાયતના તળાવ પાસે ગોપાલ બાસુ મોડક, બીપલોપ જુગલ મંડી, રાબીલાલ કેશદી હસદા અને દેબુ સંતોષ સંતરા નામના મજૂરો સાથે રહેતા હતા. ૨૩ જુલાઈ-૨૦૧૩ના રોજ ઉગ્ર બોલાચાલીમાં દેબુ સંતરાને ત્રણેય શખ્સે મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હતા. લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓ અંગે નવસારી એલસીબી ટીમને બાતમી મળતા એક ટીમ પશ્ચિમ બંગાળ રવાના થઈ હતી. ત્યાં ઓળખ છુપાવવા પોલીસ અધિકારીઓ પ્રવાસી બન્યા હતા અને સ્થાનિક પોલીસની મદદથી ગોપાલ મોડક (રહે., મધુબન કાલી મંદિર પાસે, કલના, વર્ધમાન), બીપલોપ મંડી (રહે.,બાડુઈપાડા સિરપુર, બલાગાર, જિ.હુગલી) અને રાબીલાલ હસદા (રહે., આદિવાસીપારા, તા.બલાગાર, હુગલી)ને દબોચી લીધા હતા.



ધર્મેશ પટેલ

## રાનવેરી ખુર્દ ગામે કાર પલટી જતાં ગાંગડીયાના વૃદ્ધનું મોત

ઘેજઃ સુરતના અંબિકા તાલુકાના ગાંગડીયા ગામના મહુડી ફળિયા ખાતે રહેતા દેવાભાઈ સોમાભાઈ પટેલ (ઉ.વ.૮૧) જે શનિવારના રોજ ટાટા સુમો (નં. જીજે ૦૭ આર ૩૧૯૦) લઈ ખેરગામ તાલુકાના પણજ ગામે ભજન મંડળીમાં ગયા હતા. જે બપોરના સમયે પરત મહુડી જતાં સમયે કાંગવઈથી ખરોલી તરફ જતાં માર્ગ ઉપર રાનવેરી ખુર્દ પહાડ ફળિયા પાસે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર રોડની સાઈડે ઉતરી જઈ જીઈબીના થાંભલા સાથે અથડાયા બાદ પલટી મારી જતાં દેવાભાઈને ગંભીર ઈજા પહોંચતા જેમનું સ્થળ ઉપર જ મોત નીપજ્યું હતું.

### ગણેશ સિસોદ્રા ઓવરબ્રિજ પાસે અકસ્માતમાં યુવકનું મોત

નવસારીઃ સુરતના કૃષ્ણ પાર્ક સોસાયટીમાં રહેતા અજય તુલશીભાઈ ધોરી પોતાની ટાટા હેરિયર કાર લઈને મુંબઈથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન ગણેશ સિસોદ્રા ગામે ઓવરબ્રિજ નજીક જઈ રહેલા પાણી ભરેલા ટેન્કર સાથે પાછળથી અથડાવી દેતાં તેમાં બેઠેલા 23 વર્ષીય રોહિતકુમાર રોડ પર પટકાતા તેનું ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યું હતું.

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 9 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**અયોધ્યા/ વારાણસી/**
ચિત્રકુટ/ પ્રયાગરાજ. ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ દ્વારા 3 સ્ટાર કેટેગરી હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર. સાથે યાત્રાનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉ. તારીખઃ- 18-09-2026. દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (સંપર્ક- 9429507723) JOY N JOY TRAVELS, સુરત.

**(સાગર- 9427113317)**
દમણ, ઉનાઈ સાપુતારામાં નાઈટ, (એસી બસ) શનિ, રવિ

**દર રવિવારે દમણ,**
1100/- રૂપિયા, AC બસ, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયાઃ 9484448329

વ્યવસાયીક ધંધાકીય

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (158)

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

મિલ્કત વેચવાની છે

**જમીન વેચવાની**
નદી કિનારે ૨ વિઘા પિનસાડ ગામ નવસારી 9825109400

**જહાંગીરપુરા**
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

**ફ્લેટ વેચાણ**
અથવા ભાડેથી આપવાનો છે, A- 301, નીલકંઠ અર્વન્યુ, પાલ પાણીની ટાંકીની બાજુમાં, 3- BHK ફ્લેટ વેચવાનો છે, સંપૂર્ણ હવા ઉજાસ તથા વાસ્તુ અનુરૂપ જૈન મંદિરની બાજુમા. સારી લોકાલીટી, MO: 9327615071

**જમીન વેચવાની છે**
ગામઃ-કમલાપોર, તાઃડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મોઃ-9725710000

**દુકાન વેચવાની છે**
પહેલા માળે રોડ કોર્નરની મોકાની 1512- સ્કેવર ફુટની ચાલુ ભાડા સાથે દુકાન વેચવાની છે, A- રોયલ પ્લેટિનમ બિલ્ડિંગ પાલનપુર કેનાલ રોડ પર પાર્કિંગ સુવિધા સાથે, MO: 9327615071

**પ્લોટ વેચવાનો છે**
ઉગત કેનાલ વૈષ્ણોદેવી રોડ પરનો શશાંગ રેસીડેન્સીમાં રોડ ટચનો 195- વારનો પ્લોટ વેચાણથી આપવાનો છે. MO: 9327615071

**Fast Deal**
પાલ, પાલનપુર વિસ્તારમાં કેશ પેમેન્ટમાં પ્રોપર્ટી લે-વેચ માટે મળો
73830 18982
98793 16241

**દુકાન વેચવાની છે**
ઓબેરોન બિઝનેસ હબમાં 725- સ્કેવર ફુટની મેઈન રોડ પર દુકાન વેચવાની છે, પાલ ગૌરવપથ રોડની બાજુમાં, MO: 9327615071

**અડાજણ, ગેસસર્કલ**
વેચવાનું છે બંગલો, હરિશનગર ગેસસર્કલ અડાજણ. ક્રિષ્નાપાર્ક, મોઃ- 9978839011, 9904048757 (149)

**8 x 4**
સાઈઝની 8.mm કોમર્શિયલ પ્લાય, 3x1, દોઢ પાઈનવૂડની પટ્ટી, 4- ઓફિસ ડોર વેચવાના છે, 9909919489

**વેચવાનું છે**
પાર્લેપોઈન્ટ 3 BHK Full Furnished Flat વેચવાનો છે. M- 9737711103

**ફ્લેટ વેચવાનો**
ભીમરાડ, આર્શિવાદ એન્ક્લેવ, 10th Floor, 2 BHK, 1389 ચોરસ ફૂટ 9825146479

**અલથાણ ફ્લેટ**
વેચવાનો. ક્રીમસન પેલેસ 4 BHK, ફુલ ફર્નિશ્ડ, 3520 સ્કે. ફૂટ, 3rd Floor. 9825146479

લગ્ન વિષયક

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
બાયોડેટા આપી વિનામૂલ્યે વોટ્સએપ ગૃપમાં જોડાઓ. પસંદગી માટે ઢગલાબંધ લોકલ, NRI પાત્રો. યુવતીઓને વિનામુલ્યે પસંદગીના પાત્રોના નંબર. કાન્તિભાઈ વિકાણી (નિવૃત બેંક મેનેજર) M- 9409057024

**સુરત રહેતી**
24 વર્ષની રાણા કાસ્ટની યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

નોકરી વિષયક

**જોઈએ છે**
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

**રિસેપ્શનીસ્ટ અને**
X-ray ટેકનીશ્યન જોઈએ છે. સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ, આઈમાતા ચોક, પરવત પાટીયા, સુરત. મો. 9909910902

**સ્ટીલ ફેબ્રિકેશન**
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

**જોઈએ છે**
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

**ઓફિસ સ્ટાફ**
જોઈએ છે ડેટા એન્ટ્રી માટે એકાઉન્ટન્ટ- ફુલ TIME, ઉંમર ૩૫ વર્ષ સુધી ૫૦૧- એ, ૨૧સ્ટ સેન્ચુરી બિઝનેસ્સ સેંટર, માન દરવાજા, રિંગરોડ, સુરત મોં- 9909916204

**સેલ્સમેન જોઈએ**
છે (ફર્નિચર લાઈનના અનુભવી) 9712624442 પગાર- 20,000/- TO 40,000/-.

**Female Teachers**
required for English Medium Primary Morning School at Parvat Patia 9909919489

**જોઈએ છે**
અમેરિકા સ્થાયી વેજિટેરિયન પ્રૌઢ કપલ માટે રસોઈ , ઘરકામ તથા સાર સંભાળ રાખી શકે તેવા યોગ્ય વિઝા ધરાવતા બહેનની સપ્ટેમ્બરથી જરૂર છે. Whatsapp મેસેજ કરોઃ +18135461610

**માણસ છોકરો**
જોઈએ અડાજણમાં સોડા શોપમાં સવારે 9:00 થી સાંજે 9:00 9377420421

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.